Victim Support

Helping people cope with crime

# Burglary

# ઘરફોડ ચોરી (બર્ગલરી)

## વિક્ટિમ સપોર્ટ તરફથી માહિતી અને સલાહ

ઘરફોડ ચોરી (બર્ગલરી) એક ગંભીર પણ ઘણો જ સાધારણ (અવારનવાર) થતો ગુનો છે. વર્ષ 2001માં, યુ.કે.માં નોંધવામાં આવેલા દર છ ગુનામાંથી લગભગ એક ગુનો ઘરફોડ ચોરીનો હતો. ઘરફોડ ચોરીઓ ઘણી જુદી જુદી રીતે થઈ શકે છે. બની શકે કે તમે કદાચ તે સમયે ઘરમાં ન હો. કદાચ તમે ઘરમાં જ હો અને તમને છેતરીને કોઈ ઘરમાં ઘૂસી ગયું હોય અથવા કદાચ તમે તે સમયે કામમાં વ્યસ્ત હો કે ઊંઘતાં હો. અને ઘરફોડ ચોરી એક જ વાર બનતી ઘટના નથી – ઘણાં લોકોના ઘરમાં કેટલીયે વાર ચોરી થાય છે અથવા તેમને હેરાનગતી જેવા બીજા ગુનાઓનો પણ ભોગ બનવું પડે છે.

## વિક્ટિમ સપોર્ટ મદદ કરી શકે

ગુનાનો ભોગ બનતાં દસ લાખ કરતાં વધારે લોકોનો અમે દર વર્ષે સંપર્ક કરીએ છીએ. જો કે, તમને જ્યારે જરૂર લાગે ત્યારે અને જ્યારે પણ ઘરફોડ ચોરી કે બીજો કોઈ ગુનો બને ત્યારે તમે વિક્ટિમ સપોર્ટમાંથી કોઈની સાથે મફત અને તદ્દન ખાનગીમાં વાત કરી શકો છો. તમે તે વિશે પોલીસને કે બીજા કોઈને કહ્યું હોય કે ના કહ્યું હોય, અમે મદદ કરી શકીએ છીએ.

ગુનાનો ભોગ બનેલાં મોટા ભાગનાં લોકો શું બન્યું હતું અને તેઓ કેવી લાગણી અનુભવી રહ્યાં છે તે વિશે કોઈની સાથે વાત કરવા માગતાં હોય છે. મિત્રો અને કુટુંબીજનો મદદરૂપ બની શકે, પણ અમારાં સ્વયંસેવકોને વાત સાંભળવાની અને સમજવા માટેની ખાસ તાલીમ મળેલી હોય છે. ગુનાને કારણે તમને થયેલી કેટલીક સમસ્યાઓ ઉકેલવામાં મદદ માટે પણ અમે તમને ઉપયોગી માહિતી આપી શકીએ છીએ. કેટલીકવાર અમે વ્યવહારિક મદદની પણ ગોઠવણ કરી શકીએ છીએ.

ઘરફોડ ચોરીથી લોકોને અનેક જુદી જુદી જાતની અસરો થાય છે. કોઈ જ માલમિલકત ચોરાઈ ન હોવા છતાં પણ લોકોને ઘરફોડ ચોરીથી અસર થઈ શકે છે. મોટા ભાગનાં લોકોને એ વિચાર માત્રથી જ દુઃખ થાય છે કે કોઈ તેમની ઈચ્છા વિરુદ્ધ તેમના ઘરમાં ઘૂસી ગયું હતું. અમુક લોકોને ઘરફોડ ચોરી બાદ તેમના પોતાના ઘરમાં સલામતી લાગતી નથી. ખાસ કરીને બાળકો ઘણાં ડરી જઈ શકે છે. કોઈ પણ રીતે અસર થઈ હોય તેવી કોઈ પણ વ્યક્તિ વિક્ટિમ સપોર્ટનો સંપર્ક કરી શકે છે.

## અમે કેવી રીતે મદદ કરી શકીએ

જેમને ત્યાં ઘરફોડ ચોરી થઈ હોય તેવાં લોકોને અમે અનેક રીતે મદદ કરી શકીએ છીએ, જેમ કેઃ

- ઘરફોડ ચોરીનો ભોગ બનેલાં ઘણાં લોકોને મિત્રો અને કુટુંબીજનો સિવાયની બીજી કોઈ વ્યક્તિ, જેમને વાત સાંભળવાની ખાસ તાલીમ મળેલી હોય તેમની સાથે વાત કર્યા પછી ઘણું સારું લાગતું હોય છે. અમુક લોકોને ઘણી વધારે મદદની કદાચ જરૂર પડે છે, જેની અમે ગોઠવણ કરી શકીએ છીએ.

Victim Support
Helping people cope with crime

- જેમના ઘરમાં ચોરી થઈ હોય તે લોકોને ત્યાં ફરીથી એવું ન થાય તેમાં મદદ માટે ઘણી વાર નિષ્ણાત સલાહની જરૂર પડે છે. જો તે ઉકેલવામાં અમે મદદ નહિ કરી શકીએ, તો અમે તમને યોગ્ય લોકોનો સંપર્ક કરાવી આપીશું.
- જો તમને સુરક્ષાનાં સાધનો લગાવવાનું પોસાય તેમ ન હોય, જેમ કે નવાં તાળાં લગાવવાં, તો કેટલીકવાર અમે વ્યવહારિક મદદની પણ ગોઠવણ કરી આપી શકીએ છીએ.
- ગુનાના પરિણામે તમને તકલફો થઈ રહી હોય, તો અમે તમને તમારા મકાનમાલિક, હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, પોલીસ, સોશિયલ સિક્યોરિટી, અથવા ઈન્શ્યોરન્સ કંપની જેવાં લોકો સાથે કાર્યવાહી કરવામાં પણ મદદ કરી શકીએ છીએ.

## અમારો સંપર્ક કેવી રીતે કરવો

મોટા ભાગનાં લોકો જ્યારે ગુનાની જાણ પોલીસને કરે છે ત્યારે તેમને અમારી પાસે આવવાની ભલામણ કરવામાં આવે છે. પરંતુ કોઈ પણ વ્યક્તિ ઈચ્છે તો સીધો અમારો સંપર્ક કરી શકે છે. તમારી સ્થાનિક શાખાની વિગતો તમને આ પત્રિકાની પાછળ, વિક્ટિમ સપોર્ટની વેબસાઈટ (www.victimsupport.org) ઉપર અથવા ફોનબુકમાંથી મળી રહેશે. તમે સહાય અને માહિતી માટે વિક્ટિમ સપોર્ટ લાઈનને 0845 30 30 900 ઉપર ફોન પણ કરી શકો છો.

અમે આશા રાખીએ કે તમે અમારો સંપર્ક કરશો, પણ જો તમે હમણાં સંપર્ક ન કરવાનું નક્કી કરો, તો ભવિષ્યમાં પણ તમે ગમે ત્યારે અમને ફોન કરી શકો છો.

જો તમે ઘરફોડ ચોરીની જાણ પોલીસને ન કરી હોય, તો તે વિશે તમે કદાચ અમારી સાથે વાત કરવા પણ માગતાં હો. જો તમારી પાસે ઘરનો ઈન્શ્યોરન્સ હોય, તો ક્લેઈમ કરવા માટે તમને પોલીસ પાસેથી ક્રાઈમ રેફરન્સ નંબર જોઈશે.

## કેટલાંક વ્યવહારિક સૂચનો

એ ખેદજનક હકીકત છે કે એકવાર ઘરફોડ ચોરી થયા પછી તમારા ઘરમાં ફરીથી ચોરી થવાનું જોખમ વધારે હોય છે. પોલીસ સહિતની ઘણી સંસ્થાઓ, ભવિષ્યમાં તમારે ત્યાં ઘરફોડ ચોરી થતાં અટકાવવા માટેની માહિતી અને સલાહ આપી શકશે.

પણ તમને કદાચ આ સરળ સૂચનો ઉપયોગી લાગશેઃ

- જો અમુક વસ્તુઓ ચોરાઈ જવામાં આવી હોય, તો તે વિશે તમારે સંસ્થાઓ અને અન્ય 'અધિકારીઓ'ને જાણ કરવાની રહેશે. ખાસ ધ્યાનપૂર્વક તપાસવાની વસ્તુઓમાં, બેન્ક કાર્ડ્સ, ચેક બુકો, પાસપોર્ટો, બેનિફિટની ચોપડીઓ, મોબાઈલ ફોનો, બર્થ સર્ટિફિકેટો અને ડ્રાઈવિંગ લાઈસન્સોનો સમાવેશ થાય છે. ખાસ કરીને બેન્કોને જલદીથી જાણ કરી દેવાનું ઘણું અગત્યનું છે, જેથી તેઓ છેતરપીંડીથી પૈસા જતાં અને બીજી વધારે ચોરી થતાં અટકાવી શકે.

- શક્ય તેટલું જલદી તમારું ઘર સુરક્ષિત બનાવી દેવાનો પ્રયત્ન કરો. જો તમે ભાડાના ઘરમાં રહેતાં હો, તો કોઈ રીપેર કામ કરાવવાની જરૂરત વિશે તમારા મકાનમાલિકને જાણ કરો. જો ઘર તમારી પોતાની માલિકીનું હોય, તો તમારે જાતે તે ગોઠવણો કરવાની રહેશે.

- તમારું ઘર વધારે સુરક્ષિત બનાવવાના ઉપાયો જુઓ. સુરક્ષાનાં અમુક ઉપાયો મોંઘા હોઈ શકે છે. પરંતુ બીજી કેટલીક એવી વસ્તુઓ છે જે તમે ઘણા ઓછા ખર્ચે કરી શકો છો, જેમ કે તમે બહાર જાવ ત્યારે રેડિયો કે લાઈટો ચાલુ રાખવી અને બધાં જ બારણાં અને બારીઓ બરાબર બંધ હોવાનું તપાસવું.

## અમારા વિશે

વિક્ટિમ સપોર્ટ ગુનાનો ભોગ બનેલાં લોકો માટે કામ કરતી એક રાષ્ટ્રિય ચેરિટી (ધમાર્દા સંસ્થા) છે. અમારી સેવાઓ મફત, ખાનગી અને દરેક જણ માટે ઉપલબ્ધ છે, પછી તેમણે ગુનાની જાણ પોલીસને કરી હોય કે નહિ.

### વિક્ટિમ સપોર્ટની તમારી સ્થાનિક શાખાનો અહીં સંપર્ક કરો

# વિક્ટિમ સપોર્ટલાઈન
# 0845 30 30 900

### વિક્ટિમ સપોર્ટ તમને તમારી સ્થાનિક વિક્ટિમ સપોર્ટ શાખાનો સંપર્ક પણ કરાવી આપી શકે છે.

વિક્ટિમ સપોર્ટ દ્વારા પ્રકાશિત
પ્રેસિડેન્ટ એચ.આર.એસ. ધ પ્રિન્સેસ રોયલ

Victim Support National Office, Cranmer House
39 Brixton Road, London SW9 6DZ
ફોનઃ 020 7735 9166 ફેક્સઃ 020 7582 5712
વેબઃ www.victimsupport.org

ચેરિટી રજિસ્ટ્રેશનઃ 298028 કંપની નંબરઃ 2158780
ઈંગ્લેન્ડમાં રજિસ્ટર્ડ લિમિટેડ બાય ગેરંટી
રજિસ્ટર્ડ ઓફિસ ઉપર મુજબ.

જાન્યુઆરી 2003